# ગુજરાત રાજયના પોલીસ દળ / એસ.આર.પી.એફ. માં સીધી ભરતી અંગેની માહિતી અને સૂચનાઓ.

**૧...** નીચે દર્શાવેલ વર્ગ-૩ ની જગ્યાઓમાં સીધી ભરતી માટે પોલીસ ભરતી બોર્ડ દ્વારા ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. **કોંસ્ટેબલ અને પી.એસ.આઇ. કક્ષાની સંબંધિત જગ્યાના** ભરતી નિયમો અને ભરતી (પરીક્ષા) નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ સંતોષતા લાયક અને ઇચ્છુક ઉમેદવારોએ તા. **૧૪/૧૧/૨૦૧૧ (બપોરે ૦૨:૦૦ કલાકથી) થી તા. ૧૪/૧૨/૨૦૧૧** (સાંજના ૦૬.૦૦ કલાક સુધી) દરમ્યાન ઇન્ટરનેટ પર **http://ojas.guj.nic.in** અથવા **http://ojas1.guj.nic.in** વેબ સાઇટ પર જઈ તાજેતર ની **"પોલીસ ભરતીની જાહેરાત"** ના પેઇજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલાં ભરતી ને લગતી માહિતી અને સૂચનાઓ ઉક્ત વેબ સાઇટ પરથી પુરી કાળજી પુર્વક વાંચી લેવી જોઇશે. **કોઇપણ સંજોગોમાં કોઇપણ કચેરી ખાતે ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહીં તેની ઉમેદવારોએ નોંધ લેવી.**

**૨...** ઉમેદવારે સ્વયં અથવા ઇન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો પાસપોર્ટ સાઇઝનો ફોટો ૧૫ કે.બી. અને સીગ્નેચર ૧૫ કે.બી. સાઇઝથી વધે નહીં તે રીતે જેપીજી ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

**3...** આ ભરતી માટે ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| | જગ્યાનું નામ | | કુલ ખાલી જગ્યા | સામાન્ય કેટેગરી | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા. અને શૈ.પ.વર્ગ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ક | પોલીસ સબ ઇન્સ્પેકટર | પુરુષ | ૨૦૬ | ૧૨૭ | ૧૨ | ૪૩ | ૨૪ | |
| | | મહિલા | ૮૭ | ૫૪ | ૦૫ | ૧૮ | ૧૦ | |
| | | કુલ | ૨૯૩ | ૧૮૧ | ૧૭ | ૬૧ | ૩૪ | |
| ખ | પ્લાટુન કમાન્ડર/પોસઇ (આર્મ્ડ) (એસઆરપીએફ) | પુરુષ | ૧૪૩ | ૭૨ | ૧૧ | ૧૯ | ૪૧ | |
| | | મહિલા | ૧૬ | ૮ | ૧ | ૨ | ૫ | |
| | | કુલ | ૧૫૯ | ૮૦ | ૧૨ | ૨૧ | ૪૬ | |
| ગ | ઇન્ટેલીજન્સ ઓફીસર | પુરુષ | ૪૦ | ૨૧ | ૦૩ | ૦૬ | ૧૦ | |
| | | મહિલા | ૧૭ | ૦૮ | ૦૧ | ૦૩ | ૫ | |
| | | કુલ | ૫૭ | ૨૯ | ૦૪ | ૦૯ | ૧૫ | |
| ઘ | પોલીસ કોન્સ્ટેબલ | કોંસ્ટેબલ (અનાર્મ્ડ) | ૧૯૦૮ | ૯૭૩ | ૧૩૪ | ૨૮૬ | ૫૧૫ | |
| | | કોંસ્ટેબલ (આર્મ્ડ) | ૧૬૨૪ | ૮૨૯ | ૧૧૩ | ૨૪૪ | ૪૩૮ | |
| | | કોંસ્ટેબલ (મહિલા) | ૮૭૯ | ૪૪૮ | ૬૧ | ૧૩૨ | ૨૩૮ | |
| | | કુલ | ૪૪૧૧ | ૨૨૫૦ | ૩૦૮ | ૬૬૨ | ૧૧૯૧ | |
| ચ | કોન્સ્ટેબલ (એસઆરપીએફ) પુરુષ | કુલ | ૩૭૨૨ | ૨૨૯૪ | ૧૮૫ | ૪૯૫ | ૭૪૮ | |

**ખાસ નોંધ :-** "પોલીસ કોન્સ્ટેબલ" જગ્યામાં નીચેની જગ્યાઓનો સમાવેશ થાય છે.

(૧) કોન્સ્ટેબલ (અનાર્મ્ડ) (૨) કોન્સ્ટેબલ (આર્મ્ડ) (૩) કોન્સ્ટેબલ (મહિલા) (૪) કોન્સ્ટેબલ ઘોડેસ્વાર (૫) કોન્સ્ટેબલ ઊંટસવાર (૬) કોન્સ્ટેબલ (ડોગ સ્કવોડ) (૭) કોન્સ્ટેબલ (બેંડ)

**ખાસ નોંધ:-**

(૧) ઉપર દર્શાવેલ ખાલી જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે કરવાનો હકક સરકારનો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.

(૨) ભરતીથી પસંદ થનાર તમામ ઉમેદવારોની નીમણુંક, ભરતી નિયમો/ભરતી પરીક્ષા નિયમો/પ્રવર્તમાન નીતિ વિષયક હુકમો/નિયમોને અનુલક્ષીને કરવામાં આવશે અને તે તમામ જોગવાઇઓ ઉમેદવારને બંધન કર્તા રહેશે.

(૩) જગ્યાઓ માટે વય-મર્યાદા અને શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રહેશે.
(વય-મર્યાદા અને શૈક્ષણિક લાયકાત તા. ૧૪/૧૨/૨૦૧૧ ના રોજની ગણવાની રહેશે.)

| જગ્યાનું નામ | | વય-મર્યાદા | શૈક્ષણિક લાયકાત | |
|---|---|---|---|---|
| ક | પોસઇ (અનાર્મ્ડ) | લઘુત્તમ-૨૧ વર્ષ મહત્તમ ૨૮ વર્ષ | માન્ય યુનિ.ની સ્નાતક ડિગ્રી અથવા કાયદાથી સ્થાપિત માન્ય સંસ્થાની ડિગ્રી અથવા યુનિ.ગ્રાન્ટ કમિશન એકટ-૧૯૫૬ ના સેકશન-૩ હેઠળની ડીમ્ડ યુનિ.ની ડિગ્રી અથવા સરકારે આથી સમકક્ષ જાહેર કરેલ ડિગ્રી ધરાવતા હોવા જોઇએ. | |
| ખ | પ્લાટુન કમાન્ડર/પોસઇ (એસઆરપીએફ) | ઉપર મુજબ | ઉપર મુજબ | |
| ગ | ઇન્ટેલીજન્સ ઓફીસર | ઉપર મુજબ | ઉપર મુજબ | |
| ઘ | કોન્સ્ટેબલ (અનાર્મ્ડ) | લઘુત્તમ ૧૮ વર્ષ મહત્તમ- ૨૨ વર્ષ | ધો૧૨ પાસ હાયર સેકન્ડરી પરીક્ષા અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ હોવા જોઇએ. | આ જગ્યા માટે ફક્ત પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે. |
| | કોન્સ્ટેબલ (આર્મ્ડ) | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્ત- ૨૨ વર્ષ | ઉપર મુજબ | ઉપર મુજબ |
| | કોન્સ્ટેબલ (મહિલા) | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્તમ-૨૫ વર્ષ | ઉપર મુજબ | આ જગ્યા માટે ફક્ત મહિલા ઉમેદવાર અરજી કરી શકશે. |
| ચ | કોન્સ્ટેબલ (એસઆરપીએફ) | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્તમ-૨૫ વર્ષ | ઉપર મુજબ | આ જગ્યામાં ફકત પુરુષ ઉમેદવાર અરજી કરી શકશે. (મહિલા માટે અનામત જગ્યા ન હોઇ) |
| છ | બેંડ કોન્સ્ટેબલ | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્તમ-૨૫ વર્ષ | ઉપર મુજબ | આ જગ્યા માટે ફક્ત પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે. |
| જ | કોન્સ્ટેબલ (ઘોડેસ્વાર) | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્તમ-૨૫ વર્ષ | ઉપર મુજબ | આ જગ્યા માટે ફક્ત પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે. |
| ઝ | કોન્સ્ટેબલ (શ્વાન દળ) | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્તમ-૨૫ વર્ષ | ઉપર મુજબ | આ જગ્યા માટે ફક્ત પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે. |
| ટ | કોન્સ્ટેબલ ઊંટ દળ) | લઘુત્તમ-૧૮ વર્ષ મહત્તમ-૨૫ વર્ષ | ઉપર મુજબ | આ જગ્યા માટે ફક્ત પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે. |

** **મહિલા ઉમેદવાર** પોલીસ સબ ઇન્સ્પેક્ટર(અનાર્મ્ડ), પ્લાટુન કમાન્ડર/પોસઇ (આર્મ્ડ) (એસઆરપીએફ) અને ઇન્ટેલીજન્સ ઓફીસર ની જગ્યાઓ માટે અરજી કરી શકશે.

નોંધઃ- ઉપલી વય-મર્યાદામાં ઉપર દર્શાવેલ વયમાં નીચે મુજબની વધુ છુટ-છાટ મળશે.
(૧) અનુસુચિત જાતિ/જનજાતિ/સા.અને શૈ.પછાત ઉમેદવારોને **પાંચ** વર્ષની છૂટ.
(૨) તમામ મહિલા ઉમેદવારોને વધુ **પાંચ** વર્ષની છુટ.
(૩) એક્ષ સર્વિસમેનને કરેલ સેવાના સંદર્ભે નિયમાનુસાર મળવાપાત્ર છુટ (નિયમઃ ગુ.રા.સેવા (માજી સૈનિકો માટે અનામત) નિયમો-૧૯૭૫).

(૪) રાજ્યના પોલીસ દળમાં **કોન્સ્ટેબલ(અનાર્મ્ડ) /હેડ કોન્સ્ટેબલ(અનાર્મ્ડ) /એ.એસ.આઇ. (અનાર્મ્ડ)** તરીકે હાલ સેવા બજાવી રહેલા ઉમેદવારોને **પી.એસ.આઇ. (અનાર્મ્ડ)** ની જગ્યા માટે ઉપલી વયમાં વધારે **ત્રણ** વર્ષની છુટ મળશે. તેના બદલે નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

રાજ્યના પોલીસદળમાં કોન્સ્ટેબલ, હે.કો., એ.એસ.આઇ./અન્ય કોન્સટેબ્યુલરી જગ્યામાં હાલ સેવામાં ચાલુ હશે તેઓને પો.સ.ઇ.(અનાર્મ્ડ), ઇન્ટેલીજન્સ ઓફીસરની જગ્યા માટે ઉપલી વયમર્યાદામાં વધુ ત્રણ વર્ષની છુટ મળવાપાત્ર થશે.

(૪-અ) પ્લાટુન કમાન્ડર / પીએસઆઇ (એસઆરપીએફ) માટેના અરજદારો પૈકી જે વ્યકિત એસ.આર.પી.એફ./ ગુજરાત રાજ્યના અન્ય પોલીસ દળમાં **કોન્સ્ટેબલ/હેડ કોન્સ્ટેબલ /એ.એસ.આઇ.** હાલ સેવામાં ચાલુ હશે તેને ઉપલી વય મર્યાદામાં વધુ ૩ (ત્રણ) વર્ષની છુટ મળવાપાત્ર થશે.

(૫) તમામ પ્રકારની છુટનો લાભ મેળવનાર ઉમેદવારને ઉપલી વયમાં વધુમાં ૪૫ વર્ષની વય સુધીની જ છુટ મળવાપાત્ર થશે.

(૬) **કોમ્પ્યુટર જ્ઞાનઃ** તમામ ઉમેદવારોએ ગુજરાત સીવીલ સર્વીસીસ (કમ્પ્યુટર કમ્પીટન્સી) રૂલ્સ ૨૦૦૬ની જોગવાઇ અને સુચનાઓ મુજબ સી.સી.સી. (સર્ટીફિકેટ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટ) નું માન્ય પ્રમાણપત્ર અરજી સમયે અથવા તાલીમ પુરી થાય તે દરમિયાનમાં ધરાવતા હોવું જોઇએ.

(૭) તમામ ઉમેદવારો ભરતી નિયમો મુજબ ગુજરાતી અને હિન્દી ભાષાનું જરૂરી જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. તેમજ ભારતનું નાગરિકત્વ, શારીરિક યોગ્યતા અને સારા ચારિત્ર્ય અંગેની ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇઓ ઉમેદવારોએ પરિપૂર્ણ કરવાની રહેશે.

(૮) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે તે જ્ઞાતિના મળવા પાત્ર લાભ લેવા માટે વર્ષ **૨૦૧૦-૧૧** નું નોન-ક્રીમીલેયરનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી માગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

(૯) માજી સૈનિકો (એકસ સર્વિસમેન) માટેની ૧૦% જગ્યાઓ અનામત હશે અને તે ઇન્ટરલોકયુટરી અનામત ગણવામાં આવશે.

## ૪....શારીરિક ધોરણોઃ-

| | | | | |
|---|---|---|---|---|
| | આ તમામ જગ્યાઓ માટે નીચેના શારીરિક ધોરણો ઉમેદવારો સંતોષતા હોવા જોઇએ. | | | |
| ઉંચાઇ | (ક) | પુરૂષ ઉમેદવારો | લઘુત્તમ-૧૬૫ સે.મી. | મૂળ ગુજરાતના અનુ.જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | (ખ) | પુરૂષ ઉમેદવારો | લઘુત્તમ-૧૬૨ સે.મી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે |
| | (ગ) | મહિલા ઉમેદવારો | લઘુત્તમ-૧૬૦ સે.મી. | મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે |
| | (ઘ) | મહિલા ઉમેદવારો | લઘુત્તમ-૧૫૮ સે.મી. | મૂળ ગુજરાતના અનુ.જનજાતિના ઉમેદવારો માટે |
| છાતી | ફકત પુરુષ ઉમેદવારો (તમામ) માટે જરૂરી | | | |
| | ફુલાવ્યા વગરની ૭૯ સે.મી. લઘુત્તમ હોવી જોઇએ.<br>ફુલાવેલી ૮૪ સે.મી. લઘુત્તમ હોવી જોઇએ. | | | |
| વજન | ફકત મહિલા ઉમેદવારો (તમામ) માટે જરૂરી | | | |
| | ૪૦ કિ.ગ્રા. લઘુત્તમ હોવું જોઇએ. | | | |

**શારીરિક કસોટી** :- આ કસોટીના ગુણ અપાશે નહીં તે કવોલીફાઇંગ ટેસ્ટ હોઇ, આ ટેસ્ટ પાસ કરનારને જ લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

| |
|---|
| તમામ જગ્યાઓ માટે નીચે પ્રમાણે **એક જ સંયુકત શારીરિક** કસોટી યોજાશે. |

| | | | |
|---|---|---|---|
| દોડ પુરુષ (ક) | | (૧) ૮૦૦ મીટર દોડ | (૧) ૩ મીનીટ અને ૧૦ સેકંડ માં દોડવાની રહેશે. (આ દોડ નિયમાનુસાર પૂરી કરનાર પુરુષ ઉમેદવાર જ ૫ કી.મી. દોડમાં ભાગ લેશે.) |
| | | (૨) ૫ કિ.મી. | (૨) વધુમાં વધુ ૨૫ મિનિટમાં તમામ પુરુષ ઉમેદવારોએ પુરી કરવાની રહેશે. |
| મહિલા (ખ) | | ૧૬૦૦ મીટર | વધુમાં વધુ ૯ મિનિટમાં તમામ મહિલા ઉમેદવારોએ પુરી કરવાની રહેશે. |
| એકસ સર્વિસ મેન (ગ) | | ૨૪૦૦ મીટર | વધુમાં વધુ ૧૨ મીનીટ ૩૦ સેકન્ડમાં આ દોડ પુરી કરવાની રહેશે. આ ટેસ્ટ ફકત તમામ એકસ સર્વિસમેન માટે રહેશે. |

## ૫......... લેખિત પરીક્ષા:-

(એ) કોંસ્ટેબલ સંવર્ગની જગ્યાઓ માટે.

આ લેખિત પરીક્ષા **૧૦૦** માર્કસ ના એક હેતુલક્ષી (**ઓબજેકટીવ**) પ્રશ્નપત્ર મા લેવાશે. સમય એક કલાક નો રહેશે.સામાન્ય જ્ઞાન ને લગતા આ પ્રશ્ન પત્રમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, સમાજ શાસ્ત્ર, વિજ્ઞાન તેમજ ભારતનું બંધારણ, ઇંડિયન પીનલ કોડ, સી.આર.પી.સી. અને ભારતીય પૂરાવા કાયદા ને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવાશે.

(બી) લેખીત પરીક્ષા

**પોલીસ સબ ઇન્સ્પેકટર (અનાર્મ્ડ), પ્લાટુન કમાંડર / પોલીસ સબ ઇન્સ્પેક્ટર (એસ.આર.પી.એફ.) અને ઇન્ટેલીજન્સ ઓફીસર માટેની લેખિત પરીક્ષા માટે ૪ (ચાર) પ્રશ્નપત્રોની પરીક્ષા નીચે પ્રમાણે રેહશે.**

| | | |
|---|---|---|
| | પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા કુલ-૭૫ ગુણ સમય- ૨-કલાક **હેતુલક્ષી (ઓબજેકટીવ) ટાઇપ** |
| | પ્રશ્નપત્ર-૨ | અંગેજી ભાષા કુલ- ૭૫ ગુણ સમય- ૨-કલાક **હેતુલક્ષી (ઓબજેકટીવ) ટાઇપ** |
| | પ્રશ્નપત્ર-૩ | સામાન્ય જ્ઞાન (વર્તમાન પ્રવાહો અને મનોવૈજ્ઞાનિક બાબતો) |
| | | **હેતુલક્ષી (ઓબજેકટીવ) કસોટી** ૧૦૦ ગુણ સમય-૨ કલાક |
| | પ્રશ્નપત્ર-૪ | કાયદાકીય બાબતો **હેતુલક્ષી (ઓબજેકટીવ કસોટી)** ૧૦૦ ગુણ – સમય-૨ કલાક હશે. |
| | | આ પ્રશ્નપત્રમાં નીચેના કાયદાને લગતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવામાં આવશે. |
| | | (૧) ભારતનું બંધારણ<br>(૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ- ૧૯૭૩<br>(૩) ઇન્ડીયન પીનલ કોડ- ૧૮૬૦<br>(૪) એવીડન્સ એકટ- ૧૮૭૨<br>(૫) ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧<br>(૬) ગુજરાત પ્રોહીબીશન એકટ- ૧૯૪૯<br>(૭) ભ્રષ્ટાચાર નાબૂદી અધિનિયમ-૧૯૮૮<br>(૮) અનુજાતિ/અનુ.જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો-૧૯૮૯<br>(૯) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮<br>પ્રશ્નો પ્રાથમિક જ્ઞાન ચકાશે તે કક્ષાના રહેશે. |

નોંધઃ- (૧) **તમામ પ્રશ્નપત્રો** હેતુલક્ષી (ઓબજેકટીવ) પ્રકારના રહેશે. દરેક પ્રશ્નના ચાર વિકલ્પમાંથી એક સાચો જવાબ પસંદ

કરવાનો રહેશે. ઓ.એમ.આર. શીટથી જવાબો ચકાસવામાં આવશે.

(૨) પ્રશ્નપત્ર-૧ ગુજરાતી અને પ્રશ્નપત્ર-૨ અંગ્રેજીમાં પ્રશ્નો વ્યાકરણ, શબ્દો, રૂઢી પ્રયોગો, શબ્દકોષ, કોમ્પ્રીહેન્શન વિગેરેને લગતા રહેશે. તેનુ ધોરણ ઉચ્ચતર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે.

## ૬...... ઇન્ટરવ્યુ

(૧) કોન્સટેબલ ની જગ્યાઓ માટે **મૌખિક ઇન્ટરવ્યુ રહેશે નહી.**

(અ) એન.સી.સી. નું સી સર્ટીફિકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના બે ગુણ આપવામાં આવશે.

(બ) રક્ષા શકિત યુનિવર્સિટિ ધ્વારા અપાતા ડિગ્રી ડિપ્લોમાં જે ઉમેદવારોએ મેળવેલ હશે તેમને નીચે મુજબ વધુ ગુણ અપાશે.

| રક્ષા શકિત યુનિવર્સિટીની ડિગ્રી/ડિપ્લોમામાં મેળવેલ વર્ગ | મળવાપાત્ર વધારાના ગુણ (કોન્સ્ટેબલ) માટે |
|---|---|
| ડીસ્ટીંકશન | ૦૫ |
| પ્રથમ વર્ગ | ૦૪ |
| બીજો વર્ગ | ૦૩ |
| પાસ વર્ગ | ૦૨ |

(ક) લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ, એન.સી.સી. ના મળવાપાત્ર હોય તો બે ગુણ તથા રક્ષા શક્તિ યુનિવર્સિટી ની ડીગ્રી/ડિપ્લોમા ના વધારાના ગુણ લક્ષમાં લઇને કોંસ્ટેબલ સંવર્ગની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

**(૨) પોલીસ સબ ઇન્સ્પેકટર (અનાર્મ્ડ), પ્લાટુન કમાંડર / પોલીસ સબ ઇન્સ્પેકટર એસ.આર.પી.એફ. અને ઇન્ટેલીજન્સ ઓફીસર માટે** ઇન્ટરવ્યુ ૫૦ ગુણનું હશે.

(અ) ઇન્ટરવ્યુમાં ઉમેદવારની એકંદરે ક્ષમતા ચકાસવામાં આવશે જેમાં સામાન્ય જ્ઞાન / વર્તમાન પ્રવાહો/ બુધ્ધિક્ષમતા / મનોવૈજ્ઞાનિક નિશ્લેક્ષણ ક્ષમતા અને પ્રશ્નપત્ર-૪ માં દર્શાવેલ કાયદાઓ બાબતના પ્રાથમિક જ્ઞાનને લગતા વિષયો લક્ષમાં લેવાશે.

(બ) **વિશેષ ગુણ ભારાંકઃ-** દરેક ઉમેદવારને ઇન્ટરવ્યુના ૫૦ ગુણમાંથી ઇન્ટરવ્યુ કમિટિને યોગ્ય લાગે તેટલા ગુણ આપવામાં આવશે ત્યાર બાદ વધારામાં નીચે મુજબના વિશેષ ગુણ મળવાપત્ર થશે.

(૧) એન.સી.સી. નું સી સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના **બે** ગુણ આપવામાં આવશે.

(૨) રક્ષા શકિત યુનિવર્સિટી ધ્વારા અપાતા ડિગ્રી/પોસ્ટ ગ્રેજયુઅટ ડિપ્લોમાં જે ઉમેદવારોએ મેળવેલ હશે તેમને નીચે મુજબ **વધુ ગુણ** અપાશે.

| રક્ષા શકિત યુનિવર્સિટીની ડિગ્રી/પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમામાં મેળવેલ વર્ગ | મળવાપાત્ર વધારાના ગુણ પોસઇ પોલીસ સબ ઇન્સ્પેકટર માટે |
|---|---|
| ડીસ્ટીંકશન | ૧૫ |
| પ્રથમ વર્ગ | ૧૨ |
| બીજો વર્ગ | ૦૯ |
| પાસ વર્ગ | ૦૫ |

(ક) લેખિત પરીક્ષા અને ઇંટરવ્યુ માં મેળવેલ ગુણ, એન.સી.સી. ના મળવાપાત્ર હોય તો બે ગુણ તથા રક્ષા શક્તિ યુનિવર્સિટી ની ડીગ્રી/ડિપ્લોમા ના વધારાના ગુણ લક્ષમાં લઇને **પી.એસ.આઇ. સંવર્ગની** આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

**નોંધઃ-**

(૧) ઉમેદવારોના મેરીટ (ગુણાનું ક્રમ) લેખીત પરીક્ષાના કુલ ગુણ વત્તા, ઇન્ટરવ્યુના ૫૦ માંથી મેળવેલ ગુણ, વત્તા એન.સી.સી. ના ગુણ વત્તા રક્ષા શકિતની ડિગ્રી-ડિપ્લોમા માટે મળતા ગુણ એ તમામના કુલ ગુણને લક્ષમાં લઇ નકકી કરવામાં આવશે.

(૨) અનુ.જાતિ/જનજાતિ/સા.શૈ.પ.વર્ગની અનામત જેટલા પુરતા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થતા હોય તો તેવી અનામત કેટેગરીના ઉમેદવારો માટે ગુણાનુક્રમનું ધોરણ ભરતી બોર્ડ સ્વવિવેકાનુસાર, પ્રવર્તમાન નિયમો મુજબ વાજબી રીતે ઘટાડી શકશે.

(૩) ઉમેદવારોએ અમલમાં હોય તેવા સરકારના નિયમો/હુકમો મુજબ હિન્દી/ગુજરાતી/અંગ્રેજી ભાષાની તાલીમ/અન્ય ખાતાકીય તાલીમ/પૂર્વસેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા આપવાની રહેશે.

(૪) પસંદગી પામેલા ઉમેદવારો પ્રવર્તમાન હુકમો મુજબ પ્રથમ પાંચ વર્ષની કરાર આધારિત અવધિ માટે ફિકસ્ડ માસિક વેતનથી કરારની શરતો મુજબ નિમણૂંક મેળવશે. કરારને અંતે સંતોષકારક સેવા પુર્ણ કરનારને નિયમિત રીતે મળવાપાત્ર પગાર ધોરણમાં નીમણુંક આપવામાં આવશે. પરંતુ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) અને પ્લાટુન કમાન્ડર/પી.એસ.આઇ. (એસ.આર.પી.એફ.) ની જગ્યાઓમાં નિયત તાલીમના સમયગાળા પુરતો ફિકસ્ડ માસિક પગાર મળશે અને ત્યાર બાદ નિયમિત રીતે મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નીમણુંક મળવાપાત્ર થશે.

(૫) કોન્સ્ટેબલ સંવર્ગમાં કરારના સમયગાળા દરમ્યાન માસિક રૂ. ૫,૩૦૦/- ના એક્રિત વેતનથી "લોકરક્ષક" તરીકે (કરાર સમય બાદ કોંસ્ટેબલ તરીકે) અને પીએસઆઇ/પ્લાટુન કમાંડર/ઇન્ટે. ઓફીસરમાં કરારના સમયગાળા દરમ્યાન માસિક રૂ. ૧૦,૦૦૦/- નો ફિકસ્ડ પગાર જ મળવાપાત્ર થશે.

(૬) કોન્સ્ટેબલ સંવર્ગની જગ્યાઓમાં નીચેની જગ્યાઓમાં નીમણુંક મળવાપાત્ર થશે.

(૧) પોલીસ કોન્સ્ટેબલ (અનાર્મ્ડ) ફકત પુરુષ ઉમેદવારો

(૨) પોલીસ કોન્સ્ટેબલ (આર્મ્ડ) ફકત પુરુષ ઉમેદવારો

(૩) પોલીસ કોન્સ્ટેબલ (મહિલા)- ફકત <u>મહિલા</u> ઉમેદવારો

(૪) પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ) ફકત પુરુષ ઉમેદવારો

(૫) બેન્ડ પોલીસ કોન્સ્ટેબલ - ફકત પુરુષ ઉમેદવારો

(૬) પોલીસ કોન્સ્ટેબલ માઉન્ટેડ (કેમલ) ફકત પુરુષ ઉમેદવારો

(૭) પોલીસ કોન્સ્ટેબલ માઉન્ટેડ (હોર્સ) ફકત પુરુષ ઉમેદવારો

(૮) પોલીસ કોન્સ્ટેબલ (ડોગ સ્કવોડ) ફકત પુરુષ ઉમેદવારો

કોન્સ્ટેબલ સંવર્ગની જગ્યાઓ ના ઉમેદવારોએ લેખીત પરીક્ષાના કોલ લેટર ઓન લાઇન ડાઉનલોડ કરતા પહેલા, આ આઠ માંથી જે જગ્યામાં નીમણુંક ઇચ્છતા હોય તેનો **<u>પસંદગી ક્રમ</u>** અચૂક નોંધાવવો પડશે. શકય હશે ત્યાં સુધી જો મેરીટ મેળવતા હશે તો આ પસંદગીક્રમ મુજબ નીમણુંક અપાશે અને તે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૭) સ્નાતક ઉમેદવારો જેમણે પી.એસ.આઇ. કક્ષાની જગ્યાઓ અરજી કરી હશે તેમને પી.એસ.આઇ. (અનાર્મ્ડ), પ્લાટુન કમાન્ડર/પી.એસ.આઇ. એસ.આર.પી.એફ. અને ઇન્ટેલીજન્સ ઓફીસર એ ત્રણેય જગ્યામાં નીમણુંક મેળવવા હકકદાર ગણાશે. આવા ઉમેદવારોએ **<u>ઇન્ટરવ્યુના કોલ લેટર ડાઉનલોડ કરતા પહેલાં આ ત્રણ જગ્યામાં નીમણુંક માટેના પસંદગીક્રમ</u>** અચૂક ઓન લાઇન બતાવવાના રહેશે.

(૮) તમામ કિસ્સામાં આપવામાં આવેલ પસંદગીક્રમમાં એકવાર ઓનલાઇન ક્રમ દર્શાવી દીધા બાદ, પછીથી કોઇ પણ સંજોગોમાં ફેરફાર કરી શકાશે નહીં તેની ખાસ નોંધ લેવી. મહિલા ઉમેદવારો ફકત મહિલા સંવર્ગવાળી જગ્યામાં જ (એટલે કે **પી.એસ.આઇ. (અનાર્મ્ડ), પ્લાટુન કમાન્ડર/પોસઇ (એસ.આર.પી.એફ) ઇન્ટેલીજન્સ ઓફીસર અને પોલીસ કોન્સ્ટેબલ (મહિલા)** માં જ પોતાનો પસંદગીક્રમ બતાવવાનો રહેશે. તમામ કિસ્સામાં પસંદગીક્રમ મુજબ શકય હશે ત્યાં સુધી નીમણુંકો આપવામાં આવશે. સંબંધિત પરીક્ષા નિયમોની જોગવાઇ મુજબ આ માટે કોઇ ઉમેદવાર કોઇ હકક/દાવો રજુ કરી શકશે નહીં.

(૯) નીમણુંક પામનાર તમામ ઉમેદવારોને પ્રવર્તમાન નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

(૧૦) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબકકે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે

(૧૧) ઉમેદવારે એક જ વખત ઓન લાઇન અરજી કરવાની રહેશે. એક કરતા વધારે વખત અરજી કરેલ હશે તો આવા ઉમેદવારની તમામ અરજી રદ પાત્ર થઇ શકશે.

(૧૨) જાહેરાત કોઇપણ કારણોસર રદ / ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાના બોર્ડનો સંપૂર્ણ હકક અને અધિકાર રહેશે. બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

૭…… **<u>અરજી પત્રક ભરવા સુચનાઃ-</u>**

(૧) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. http://ojas.guj.nic.in અથવા http://ojas1.guj.nic.in વેબ સાઇટનો ઉપયોગ કરવો. **રાજ્યના કોઇ પણ સ્થળે સાયબર કાફે / ઇંટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રીન્ટર સાથે)ની હોય ત્યાં અથવા કોઇપણ સરકારી કચેરી અથવા પોસ્ટ ઓફિસ, જયાં આ સગવડ હોય ત્યાં જઇને ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે.**

(૨) લાયકાતો ધરાવતા ઉમેદવારોએ પી.એસ.આઇ. સંવર્ગની ત્રણ જગ્યાઓ અને કોન્સ્ટેબલ લેવલની આઠ જગ્યાઓ બન્ને માટે <u>એક જ અરજી પત્રક ભરવાનું રહેશે.</u>

(૩) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા જેથી તેના આધારે જ સાચી માહિતી અરજી માં ભરી શકાય.

(૪) ઓન લાઇન અરજી કરીને અરજીની પ્રિન્ટ તથા ફી ભરવાની હોય તો ચલણ ની નકલ કાઢી લેવાની ખાસ કાળજી લેવાની રહેશે. . **<u>અરજી નંબર, પાસવર્ડ/ જન્મ તારીખ વગેરે જે વેબ સાઇટ પર સુચના હોય તે ઉમેદવારે યાદ રાખવાના રહેશે</u>**. તેમાં ચુક થશે તો જવાબદાર અરજદાર પોતે રહેશે.

## ૮….. <u>પરીક્ષા ફીઃ-</u>

અનુ.જાતિ/જનજાતિ/સા.શૈ.પછાત વર્ગના તમામ ઉમેદવારોએ કોઇ ફી ભરવાની રહેશે નહીં. બાકીના ઉમેદવારો જયારે વેબ સાઇટ ઉપર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ **<u>ચલનની 3 નકલો</u>** એક

પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સૂચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. એક જ સંવર્ગમાં અરજી કરનાર ઉમેદવારોએ **ચલન** પૂરી વિગતો ભરી ને રાજ્યની **કોઇ પણ પોસ્ટ ઓફીસમાં જઇને ફી ના રૂ. ૧૦૦/- + ૧૦ પોસ્ટ ઓફિસ ચાર્જીસ (જો કોંન્સ્ટેબલ અને પી.એસ.આઇ. બન્ને સંવર્ગ માટે અરજી કરી હોય તો રૂ. ૨૦૦/- + ૨૦ પોસ્ટ ઓફિસ ચાર્જીસ) ભરી દેવાના રહેશે. ચલન ની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સિક્કા/સ્ટીકર સાથે પરત આપશે જે પૈકી એક નકલ ઉમેદવારે શારીરિક ટેસ્ટ વખતે કોલ લેટર સાથે અચૂક લાવવાની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે. આ સિવાય ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે નહીં અને અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહિ. પોસ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તા.૧૬/૧૨/૨૦૧૧ (કચેરી સમય સુધી છે)**

ઓન લાઇન અરજી કર્યા બાદ, શારીરિક કસોટી, લેખીત કસોટી અને ઇન્ટરવ્યુ માટેના કોલ લેટર માટે છાપામાં જાહેરાત આપવામાં આવે તે મુજબ ઓન લાઇન વેબ સાઇટ પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી લેવાના રહેશે. આમાં ચૂક થશે તો જવાબદારી ઉમેદવારની રહેશે.

**વધુ પુચ્છા માટે તા.૧૪/૧૧/૨૦૧૧ થી ફોન નંબરઃ ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર સવાર કલાકઃ ૦૯.૩૦ થી સાંજના કલાકઃ ૦૬.૩૦ સુધી પુછપરછ કરી શકાશે.**

**(અતુલ કરવલ)**
અધ્યક્ષ, લોકરક્ષક ભરતી બોર્ડ,
અને સંયુકત પોલીસ કમિશ્નર, સેકટર-૨,
અમદાવાદ શહેર, અમદાવાદ

**(આશિષ ભાટીયા)**
અધ્યક્ષ, પો.સ.ઇ. ભરતી બોર્ડ,
અને વિશેષ નિયામક, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો,
ગુજરાત રાજય, અમદાવાદ